રે.દિ.મુ.નં.૩/૨૦૨૨

## **-: આંક-૫ નીચે હુકમ:-**

(૧) સાંભળ્યા,અરજી વંચાણે લીધી.
અરજી તથા ડી-લીસ્ટ માર્ક-૪/૧ થી ૪/૧૫ વંચાણે લીધા તથા લક્ષમાં લીધા.

(૨) હાલના આ કામે પ્રતિવાદી નં. ૨ તરફે આંક- ૧૬ તથા પ્રતિવાદી નં.૪ તરફે આંક.૩૫ તથા પ્રતિવાદી નં ૩ તરફે આંક.૪૦ થી જવાબ રજુ છે. જે વંચાણે લિધા લક્ષમાં લિધા.

(૩) આ કામનાં વાદી તરફે આંક- ૩૭,૪૧ થી લેખિત દલીલ રજુ રાખેલ છે તથા આ કામનાં પ્રતિવાદી તરફે આંક- ૪૪,૪૫ લેખિત દલીલ રજુ રાખેલ છે. જે લક્ષમાં લીધી, વંચાણે લીધી. તથા મૌખિલ દલીલો સાંભળી.

(૪) આ અરજી નકકી કરવા માટે ત્રણ મુદાથી આ અરજી નકકી કરવા માટે જરૂરી છે જે નીચે મુજબ છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?
(૨) શું વાદી સાબીત કરે છે કે, તેઓને નાણાંથી પણ ન ચુકવાઈ તેવું નુકશાન થાય તેમ છે ?
(૩) શું વાદી સાબીત કરે છે કે, ન્યાયની સમતુલા તેઓની તરફેણમાં છે ?

**(૫) ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ છે.**

**જવાબ ૧. નકારમાં.**
**જવાબ ૨. નકારમાં.**
**જવાબ ૩. નકારમાં.**

(૬) ઉપરોકત ત્રણે મુદ્દાઓની ચર્ચા રીપીટેશન ન થાય તે હેતુથી આ ચચા એકસાથે કરવામાં આવેલ છે.

હાલના આ કામે વાદી એ ૪/૧ થી ભાગીદારી પેઢીનો દસ્તાવેજ રજુ દાખલ છે અને ૪/૧ દસ્તાવેજ લક્ષમાં લેવામાં આવે તો નોટરાઇજ

દસ્તાવેજ છે એટલ કે આ દાવો ભાગીદારી પેઢીને સંબંધીત દાવો છે. દાવા કામે  જે ભાગીદારી પેઢીનો દસ્તાવેજ છે તેના એકમની નામ મેસર્સ શ્રીનાથ કોર્પોરેશન દર્શાવેલ છે એટલે કે મેસર્સ શ્રીનાથ કોર્પોરેશન તે જયુરીસ્ક પર્સન છે અને તેના ભાગીદારોશ્રી અલ્કેશભાઇ ઇશ્વરભાઇ પટેલ, શ્રીમતી હેમલબેન અલ્કેશભાઇ પટેલ, શ્રી પ્રવિણભાઇ ઇશ્વરભાઇ પટેલ, શ્રીમતિ તીતુબેન પ્રવિણભાઇ પટેલ, શ્રી પ્રવિણચંન્દ્ર મુલચંદ્રભાઇ પટેલ, શ્રીમતિ લલીતાબેન પ્રવિણચંન્દ્ર પટેલ, શ્રી જયેન્દ્રકુમાર મુલચંદ્રભાઇ પટેલ, શ્રી મહેશકુમાર જયંતીલાલ ઘોડા, શ્રી શ્રીરામ મહેશકુમાર ઉપાધ્યાય, શ્રીમતી કુમુદીનીબેન વિનોદભાઇ પટેલ અને ઉપર જણાવેલ ભાગીદારો ભાગીદારી  પેઢીના હિતાર્થેતે કામ કરવાનું હોય છે અને પેઢીનો વિકાસ કરવાનો હોય છે.

ઇન્ડિયન પાર્ટનશીપ એકટની કલમ મુજબ ભાગીદારી પેઢી રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે આ કામના વાદીએ આ ભાગીદારી પેઢી રજીસ્ટ્રેશન થયેલ હતી તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. પાર્ટનશીચ એકટની કલમ.૬૯ તથા ૬૯ (૧),૬૯(૨),૬૯(૩) લક્ષમાં લેવાના હોય છે. આ કામે પાર્ટનશીપ કલમ-૬૯ તથા તેની પેટા કલમ લક્ષમાં લેવામાં આવે તો અનરજીસ્ટર ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી પેઢીના રાઇટ બાબતે અને ભાગીદારી પેઢીના કરાર બાબતે જો કોઇ દાવાદુવી થઇ હોય તો તે દાવો ટકવા પાત્ર નથી. આ અરજી કરનાર વ્યકિત તે ભાગીદારી પેઢીના ભાગીદાર છે તથા વાદી નં.૩ થી ૬ એ શ્રીનાથ કોર્પોરેશન મોડાસાના ભાગીદારશ્રી જયેન્દ્રભાઇ મુલચંદ્રભાઇના કાયદેસરના વારસદાર છે એટલે કે વાદી નં.૩/૧ થી ૩/૪ ના વારસો છે અને ૧,૨,૩ ના તે મુળ ભાગીદાર છે  વાદીએ આ અરજી દાખલ કરતા પહેલા તે હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઇએ કે

તેઓનું એકમ રજીસ્ટ્રેશન થયેલ છે. આ કામે માર્ક–૪ થી ડી લીસ્ટ રજુ રાખવામાં આવેલ છે જેમાં એક પણ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી કે આ ભાગીદારી પેઢી રજીસ્ટ્રેશન થયેલ હોય. એટલે કે દાવા સાથે મનાઇ હુકમની અરજી રજુ  થયેલ હોય તે સમયે જે ડી લીસ્ટ રજુ રાખેલ હોય તે અદાલત લક્ષમાં લઈ શકે છે. વધુમાં આ કામના આંક–પ ની અરજી  માં જે દાદ માંગેલ છે તે લક્ષમાં લેવામાં આવે તો તેઓએ ભાગીદારી પેઢીની મિલકતના સંબંધમાં પ્રતિવાદી નં–૪ નાએ જે વેચાણ દસ્તાવેજ સને–૨૦૧૮ ની સાલમાં કરેલ છે તે મિલકત વેચાણ ગીરો કરી મિલકતનો નિકાલ કરે કરાવે નહી તેવી દાદ માંગેલ છે. એટલે કે જે દાદ માંગવામાં આવેલ છે તે  ભાગીદારી પેઢીની મિલકતના સંબંધની દાદ માંગલે છે આ દાવો આંક–૧ તા.૦૧/૦૨/૨૦૨૨ના રોજ રજુ થયેલ છે અને સાથે તેજ દિવસે આંક–પ દાવા સાથે રજુ થયેલ છે. આ કામે જે વેચાણ દસ્તાવેજ સંબંધે જે દાદ માંગવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજનો છે અને તે સંબંધે દાદ માંગતી અરજી આંક–૧ તથા આંક–પ તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ રજુ છે એટલે કે વેચાણ દસ્તાવેજને ત્રણ વર્ષ બાદ પડકારવામાં આવેલ છે. વધુમાં ઉપર કરેલ ચર્ચા મુજબ જયારે ભાગીદારી પેઢી મિલકત સંબંધે દાવો હોય તો પાર્ટનશીપ એકટ કલમ–૬૯ મુજબ ભાગીદારી પેઢી રજીસ્ટ્રેશન થયેલ હોવી ફરજીયાત છે. આ કામે તેવો કોઇ દસ્તાવેજ રજુ નથી. વધુમાં જે વેચાણ દસ્તાવેજને ચેલેન્જ કરેલ છે તે ત્રણ વર્ષ બાદ ચેલેન્જ કરેલ છે.જે થી વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેમ કહી શકાય નહી અને આવી હકીકત વાદી સાબિત કરી શકેલ નથી તેમજ નાણાંથી પણ ન પુરાય તેવુ નુકશાન થાય તેમ છે તેવુ તેમજ ન્યાયની સમતુલા તેઓની તરફેણમાં છે તેવુ સાબિત કરી શકેલ નથી વધુમાં  આ કામે  માર્ક.૪/૧ થી  જે

ભાગીદારી પેઢીનો નોટરાઈજ દસ્તાવેજ રજુ કરેલ છે અને તેજ રીતે માર્ક.૪/૩ થી DEED OF RETIREMENT FROM PARTNERSHIP નો દસ્તાવેજી પુરાવો રજીસ્ટ્રેશન કરેલ રજુ રાખેલ છે. માર્ક.૪/૧ વાળો દસ્તાવેજ તા.૦૯/૦૭/૨૦૦૮ના રોજનો એટલે કે આ મુળ દસ્તાવેજ છે જે નોટરાઈજ છે.

હાલના આ કામે આંક.૫ની અરજીનું ડ્રાફટીંગ અને પ્લીટીંગ વંચાણે લેવામાં આવે તો વાદીની આ અરજીમાં વાદી એ તેનું પ્રથમ દર્શનિય કેસ છે તેવુ સ્પષ્ટ પ્લીડીંગ નથી, કેવી રીતે તેનો પ્રથમ દર્શનીય કેસ તેવી કોઇ સ્પષ્ટ હકીકતો દર્શાવેલ નથી, તેજ રીતે તેને નાણાંથી પણ ન પુરાય તેવુ નુકશાન જાય તેમ છે તે અંગે પણ કોઈ સ્પષ્ટ પ્લીડીંગ નથી તે સંબંધે કોઈ સ્પષ્ટ ચર્ચા કરવામાં આવેલ નથી તેજ રીતે ન્યાયની સમતુલા તેઓની તરફેણમાં છે તેવુ કોઇ સ્પષ્ટ પ્લીડીંગ નથી અને કેવી રીતના ન્યાયની સમતુલા તેઓની તરફેણમાં છે તેવી સ્પષ્ટ ચર્ચા કરવામાં આવેલ નથી. હાલની આ અરજી સ્પેસીફીક રીલીફ એકટ અન્વયેની છે અને અરજીમાં સંમન્યાયી દાદ માંગેલ છે એટલે કે વિશિષ્ટ દાદ માંગેલ છે અને જયારે સ્પષ્ટતા પુર્વકનું પ્લીડીંગ અને ડ્રાફટીંગ આ અરજીમાં ન હોય તો તેઓને મનાઈ હુકમ મળી શકે નહી માંગ્યા વગર માં પણ પીરસે નહી તેવી કહેવત છે વધુમાં આ અદાલતના ધ્યાન ઉપર આવેલ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો નીચે મુજબ છે તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પેસીફીક રીલીફ એકટની દાદ હોય તો તે અરજીમાં સ્પેસીફીક પ્લીડીંગ અને ડ્રાફટીંગ હોવુ ફરજીયાત છે. **નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ એપેલેટ જયુરીડીકશન સીવીલ અપીલ નં.૫૭૯ ૮–૫૭૯૯–૨૦૦૮ માં ઠરાવેલ છે** આમ આ ઉપર જણાવેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પેસીફીક રીલીફ એકટ અન્વેયની મનાઈ હુકમની

અરજી હોય તો સ્પેસીફીક ડ્રાફ્ટીંગ અને પ્લીડીંગ હોવુ જરૂરી છે તેવુ ઠરાવેલ છે. હાલના આ કામે આવુ કોઈ ડ્રાફ્ટીંગ અરજદાર તરફે કરવામાં આવેલ નથી આ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના અરજદાર મુદ્દા નં.૧ થી ૩ સાબિત કરવામાં સદંત્તર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છું અને હુકમ નિચે મુજબ કરુ છું.

## :::હુકમ :::

- હાલની આ  અરજી નામંજુર કરુ છું.
- ખર્ચ અંગે કોઇ હુકમ નથી.
- આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરુ છું.

**તા. ૨૭/૦૨/૨૦૨૬**

**સ્થળ–મોડાસા**

**(મનોજ શંભુપ્રસાદ દવે )**
**પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ**
**અને એડી.ચીફ જયુડી.મેજી.**
**મોડાસા,જી.અરવલ્લી.**
**જજ કોડ નં.જી.જે.૦૦૭૬૦**